**સુરત મહાનગરપાલિકા**
**(Visit us at https://www.suratmunicipal.gov.in)**
# જા હે રા ત

સુરત મહાનગરપાલિકાના વિસ્તારોમાં કોવિડ–૧૯ ની કામગીરી કરાવવા સારૂ નીચે જણાવેલ જગ્યાઓની ૦૩ માસ માટે અથવા કોરોના વેકસીનેશન અંગેની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી, બે માંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે કરારીય ધોરણે માસિક ફીકસ વેતનથી ભરતી કરવા તથા પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૦/૦૪/૨૦૨૧ થી તા.૨૦/૦૪/૨૦૨૧ સુધીમાં સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ સમય દરમ્યાન પર્ફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી મેઈન રોડ, હરી ઓમ સર્કલ પાસે, અડાજણ, સુરત ખાતે અસલ પ્રમાણપત્રો, તેમજ તેની પ્રમાણિત નકલો (જેવા કે, સ્કુલ લીવીંગ સર્ટી., તમામ વર્ષની માર્કશીટ, ડીગ્રી સર્ટી., રજીસ્ટ્રેશન સર્ટી., અનુભવનું પ્રમાણપત્ર, આઈ.ડી.પ્રુફ વિગેરે...) તથા ફોટોગ્રાફ ફરજીયાતપણે લાવી રજુ કરવાના રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૧. | મેડીકલ ઓફીસર | ૧૦૦ | B.D.S/ M.D.S | ફીકસ વેતન રૂા.૪૫,૦૦૦/– પ્રતિ માસ |
| ૨. | મેડીકલ ઓફીસર (આયુષ) | ૧૦૦ | બી.એચ.એમ.એસ. / ડી.એચ.એમ.એસ./ એમ.ડી.(હોમીયોપેથી) અથવા બી.એ.એમ.એસ. / એમ.ડી.(આયુર્વેદીક) (ઉમેદવારે ગુજરાત હોમીયોપેથીક કાઉન્સીલ / ગુજરાત આયુર્વેદીક કાઉન્સીલનું રજીસ્ટ્રેશન તેમજ રીન્યુઅલ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.) | ફીકસ વેતન રૂા.૩૦,૦૦૦/– પ્રતિ માસ |
| ૩. | લેબોરેટરી ટેકનીશ્યન | ૪૪ | બી.એસ.સી.(કેમેસ્ટ્રી/ માઈક્રોબાયોલોજી વિષય સાથે) અથવા એમ.એસ.સી. (ઓર્ગેનીકેમેસ્ટ્રી / માઈક્રોબાયોલોજી વિષય સાથે) પાસ. માન્ય સંસ્થામાં લેબોરેટરી ટેકનીશ્યન ટ્રેનીંગ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. | ફીકસ વેતન રૂા.૧૮,૦૦૦/– પ્રતિ માસ |

નોંધ : (૧) પી.આર.ઓ./૧૪/૨૦૨૧–૨૨ તા.૦૨/૦૪/૨૦૨૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત માટે અરજી કરવાની આખરની તારીખ તા.૦૯/૦૪/૨૦૨૧ ના રોજ નિયત કરવામાં આવેલ છે. જે જાહેરાતની મુદત તા.૨૦/૦૪/૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે, તથા સદર જાહેરાત માટે અરજી કરનાર ઉમેદવારોએ તા.૧૦/૦૪/૨૦૨૧ થી ૨૦/૦૪/૨૦૨૧ સુધી ઉકત જણાવેલ સરનામા ખાતે હાજર રહી અરજી કરી શકશે.

(૨) ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી મળેલ સ્ટાફ નર્સની યાદીના ઉમેદવારો કે જેઓને તા.૦૬/૦૪/૨૦૨૧ ના રોજ smcrecruitment@suratsmartcity.com તથા recruitment@suratsmartcity.com મારફત ઈ–મેઈલ દ્વારા સુરત મહાનગરપાલિકા ખાતે હાજર થવા જણાવેલ, તેઓ પણ તા.૨૦/૦૪/૨૦૨૧ સુધી ઉકત જણાવેલ સરનામા ખાતે હાજર રહી અરજી કરી શકશે.

(૩) હાલની કોવિડ–૧૯ ની પરિસ્થિતિને ધ્યાને લઈ, ઉપરોકત જણાવેલ કેડરો તથા પી.આર.ઓ./૧૪/ ૨૦૨૧–૨૨ તા.૦૨/૦૪/૨૦૨૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ તમામ કેડરોની રોજેરોજ મળેલ માન્ય અરજીના ઉમેદવારોને વહેલા તે પહેલાના ધોરણે નિમણુંક આપવામાં આવશે.

ઉકત જગ્યાઓ પૈકી જે જગ્યાઓમાં રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની જરૂરીયાત હોય, તો તેની નકલ ફરજિયાતપણે લાવવાની રહેશે તેમજ સદર જગ્યાઓ નિયમ મુજબ ફીકસ વેતનથી કરાર આધારીત ભરતીના નિયમો અને શરતોને આધિન ભરવામાં આવશે તેમજ અન્ય કોઈ પણ જાતના ભથ્થા અને નાણાંકીય લાભ ચુકવવામાં આવશે નહી.

સહી/–
**કમિશનર,**
**સુરત મહાનગરપાલિકા.**

**નં.પી.આર.ઓ./૧૪૬/૨૦૨૧–૨૨**
**તા.૦૯/૦૪/૨૦૨૧**

# સુરત મહાનગરપાલિકા

(Visit us at https://www.suratmunicipal.gov.in)

## જાહેરાત સુધારો

સુરત મહાનગરપાલિકાના વિસ્તારોમાં કોવિડ–૧૯ ની કામગીરી કરાવવા સારૂ જાહેરાત ક્રમાંક : પી.આર.ઓ/૧૪/૨૦૨૧–૨૦૨૨ તા.૦૨/૦૪/૨૦૨૧ થી જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે જાહેરાતમાં દર્શાવેલ ક્રમ નં.૨ – સ્ટાફ નર્સ તથા ક્રમ નં.૩ – નર્સ(એ.એન.એમ.)ની જગ્યા માટે નિયત કરવામાં આવેલ માસિક રૂા.૧૩,૦૦૦/– ફીકસ ની જગ્યાએ માસિક રૂા.૧૭,૦૦૦/– ફીકસ મુજબનો આંશિક સુધારો વંચાણે લેવો.

ઉકત તારીખથી આપવામાં આવેલ જાહેરાતમાં જણાવેલ અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

**નોંધ :** હાલમાં સુરત મહાનગરપાલિકા ખાતે કરારીય ધોરણે ફરજ બજાવતા સ્ટાફ નર્સ, સ્ટાફ નર્સ (NHM) તથા નર્સ(એ.એન.એમ.) ને પણ સદર માસિક ફીકસ વેતનમાં કરવામાં આવેલ વધારાનો લાભ તા.૦૧/૦૪/૨૦૨૧ થી મળવાપાત્ર રહેશે.

સહી/–

**નં.પી.આર.ઓ/ ૯૬/૨૦૨૧–૨૨**
**તા. ૦૬/૦૪/૨૦૨૧**

**કમિશનર,**
**સુરત મહાનગરપાલિકા.**

# સુરત મહાનગરપાલિકા
## (Visit us at https://www.suratmunicipal.gov.in)
## જા હે રા ત

સુરત મહાનગરપાલિકાના વિસ્તારોમાં કોવિડ–૧૯ ની કામગીરી કરાવવા સારૂ નીચે જણાવેલ જગ્યાઓની ૦૩ માસ માટે અથવા કોરોના વેકસીનેશન અંગેની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી, બે માંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે કરારીય ધોરણે માસિક ફીકસ વેતનથી ભરતી કરવા તથા પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૦૯/૦૪/૨૦૨૧ સુધીમાં સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ સમય દરમ્યાન સુમન હાઈસ્કુલ શાળા નં.૪, દિવાળીબાગ સોસાયટીની સામે, રૂષભ ચાર રસ્તા, અડાજણ, સુરત ખાતે અસલ પ્રમાણપત્રો, તેમજ તેની પ્રમાણિત નકલો (જેવા કે, સ્કુલ લીવીંગ સર્ટી., તમામ વર્ષની માર્કશીટ, ડીગ્રી સર્ટી., રજીસ્ટ્રેશન સર્ટી., અનુભવનું પ્રમાણપત્ર, આઈ.ડી.પ્રુફ વિગેરે...) તથા ફોટોગ્રાફ ફરજીયાતપણે લાવી રજુ કરવાના રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૧. | મેડીકલ ઓફીસર (એમ.બી.બી.એસ) | ૯૧ | એમ.બી.બી.એસ. (ગુજરાત મેડીકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ.) | ફીકસ વેતન રૂા.૬૦,૦૦૦/– પ્રતિ માસ |
| ૨. | સ્ટાફ નર્સ | ૨૦ | જી.એન.એમ./ બી.એસ.સી. નર્સિંગ (ગુજરાત નર્સિંગ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ.) | ફીકસ વેતન રૂા.૧૩,૦૦૦/– પ્રતિ માસ |
| ૩. | નર્સ (એ.એન.એમ.) | ૭૭ | એ.એન.એમ. (ગુજરાત નર્સિંગ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ.) | ફીકસ વેતન રૂા.૧૩,૦૦૦/– પ્રતિ માસ |
| ૪. | વોર્ડબોય | ૧૦૪ | ધોરણ ૧૦ પાસ, હોસ્પીટલ કે લેબોરેટરી કામનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. | ફીકસ વેતન રૂા.૧૦,૦૦૦/– પ્રતિ માસ |
| ૫. | આયા | ૧૦૬ | ધોરણ ૧૦ પાસ, હોસ્પીટલ કે લેબોરેટરી કામનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. | ફીકસ વેતન રૂા.૧૦,૦૦૦/– પ્રતિ માસ |

નોંધ : ઉપરોકત જણાવેલ કેડરોની હાલની કોવિડ–૧૯ ની પરિસ્થિતિને ધ્યાને લઈ, ઉકત કેડરોની રોજેરોજ મળેલ માન્ય અરજીના ઉમેદવારોને વહેલા તે પહેલાના ધોરણે નિમણુંક આપવામાં આવશે.

ઉકત જગ્યાઓ પૈકી જે જગ્યાઓમાં રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની જરૂરીયાત હોય, તો તેની નકલ ફરજિયાતપણે લાવવાની રહેશે તેમજ સદર જગ્યાઓ નિયમ મુજબ ફીકસ વેતનથી કરાર આધારીત ભરતીના નિયમો અને શરતોને આધિન ભરવામાં આવશે તેમજ અન્ય કોઈ પણ જાતના ભથ્થા અને નાણાંકીય લાભ ચુકવવામાં આવશે નહી.

સહી/–
**કમિશનર,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.પી.આર.ઓ./૧૪/૨૦૨૧–૨૨
તા.૦૨/૦૪/૨૦૨૧